## વિદેહ પત્નીને

ગયાં! જગત આ તમે પરહર્યાં. મનેયે તજ્યો!
હવે અશ્રુજલે ભર્યાં નયનથી દહાડા જતા!
છતાં મન થકી અર્પાય કૃતિ આ તમોને. ભલે
સદેહ ન તમે છતાં નીરખતો તમારી છટા!

# હકો માટે અને અન્યાય સામે અવાજ ઉઠાવતી શિષ્ટ નવલકથા

'નેજાધારી' જેવું વિશિષ્ટ શીર્ષક ધરાવતી, પ્રાગજીભાઈ ભામ્ભીની આ ચોથી નવલકથા પણ તેમના ચાહકો અને ભાવકો માટે 'સુપાઠ્ય' નીવડી આવે એવી ભાવનાત્મક છે. જેમને વ્યક્તિ-પરિવાર-સમાજની સુખાકારી અને પ્રજાસમૂહના વિકસન તથા કલ્યાણમાં વધુ રસ હોય તેમને માટે, આ, માર્ક્સવાદી વિચારધારાનો સુચારુ પ્રસાર-પ્રભાવ ચાહતી નવલકથા સુખપાઠ્ય બની આવી છે. કોરોનાકાળનાં વર્ષો, બદલાતાં ગામડાં, વધુ વકરતી યંત્રણાઓ, રાજસત્તાની નીંભરતા અને અન્યાય સામે આંખ આડા કાન કરતી સરકારને ઊંડે ઊતરીને આલેખતી આ નવલકથા સોશિયો-પોલિટિકલ નૉવેલ તરીકે પોતાને સ્થાપિત કરવા સમર્થ નીવડી છે.

આ નવલકથાના લેખક પ્રાગજીભાઈ ગુજરાતીના અભ્યાસી અધ્યાપક રહ્યા છે. હિંમતનગર (રહેમતનગર) – ભિલોડા. મોડાસાનાં ગામડાં, કસબા, લોકજીવન-શિક્ષણ-માનવતા એવાં જીવનમૂલ્યોમાં એ ઊંડા ઊતરેલા છે. માર્ક્સવાદી વિચારધારાને પ્રજા અનુસરે, હક્કો અને સામાજિક ન્યાય વાસ્તે આંદોલનોમાં જોડાય એ દિશાના એમના પ્રયાસો, આ નવલકથાનો નાયક કે. ડી. નેજાધારી પોતાને ખભે-માથે ઉપાડી લે છે. માર્ક્સવાદી કિસાનસભાના પ્રમુખ છે નેજાધારી. મોતીલાલ મંત્રી અને એમના પરિવારો, સગાં-સમાજ બધાં સક્રિય થાય છે. હક્કની લડાઈ સાથે પ્રજાને ધાન-ધનની મદદ પણ કરાય છે. અન્ય સમાજો પણ એમાં જોડાય એવા પ્રયત્નો છે.

લેખક, નાયકનાં કર્મ-કથન-વિચરણ વચ્ચે પોતાના વીતેલા જીવનના મહત્ત્વના તબક્કાઓની ગૂંથણી કરી લે છે. આત્મ-ઓળખ અને જાત-પરીક્ષણની આ કથામાં શાંત વિદ્રોહ છે. એક આખો મલક, એનાં પ્રજાજીવનનાં સર્વ પાસાંને પ્રત્યક્ષ બનતા બનાવોના આલેખન સાથે રજૂ કરવામાં લેખકને સફળતા મળી છે. ચરિત્રચિત્રણ, પરિવેશ, વસ્તુવિચારની સંકલના અને સફાઇદાર ગદ્ય આ લેખકની સર્જકપ્રતિભાનાં દ્યોતક છે.

**– મણિલાલ હ. પટેલ**

## કેફિયત

અને ગણો તો આ મારી ચોથી નવલકથા. નામ : 'નેજાધારી'. ગુજરાત કિસાનસભાના પ્રમુખ તરીકે નિવૃત્ત થયો ત્યારે સાથીઓ અને મિત્રોનો પ્રેમાગ્રહ હતો કે કિસાનપ્રવૃત્તિ અને તેના આંદોલન વિશેના તમારા અનુભવો લખો. મનેય ઇચ્છા થઈ કે લખું. પણ એ અનુભવને મારી રીતે નવલકથાનો અવતાર આપીને લખું. અનુભવ કરનાર ભલે વ્યક્તિ હોય પણ એ નવલકથાનું કેન્દ્રીય પાત્ર બને. એમાં ત્રીજા પુરુષ સર્વજ્ઞની કથનરીતિએ તેનું જીવન આલેખાતું જાય. સાથે સ્થળકાળના ફલકની મર્યાદાય બાંધી. સ્થળનો વ્યાપ તો એક જિલ્લાનો. મુખ્યત્વે તો તેનું પાટનગર રહેમતનગર. બીજા ક્રમે કેન્દ્રીય પાત્ર નેજાધારીનું ગામ (મહાશા). કાળનો પટ લગભગ એક મહિનાનો. એટલે, ફાગણના થોડા દિવસો પસાર થઈ ગયા હોય ને તેમાં ચૈત્રના ખૂટતા દિવસો ઉમેરાયા હોય. એક જ મહિનાના ગાળામાં કેન્દ્રીય પાત્ર કે. ડી. નેજાધારીના અનુભવોનું આલેખન પૂરું થઈ જાય. પ્રસંગ પહેલો અને પ્રસંગ છેલ્લો. એટલે મહિનાનો આરંભ અને મહિનાનો અંત. એક પછી એક એમ નેજાધારીના જીવનનાં દૃશ્યો ઊઘડતાં જાય. અને સ્મૃતિના માધ્યમ દ્વારા તેમનું પૂર્વજીવન પણ આવશ્યકતાનુસાર આવરાતું જાય.

મહિનો મુખ્યત્વે તો ફાગણનો એટલે ચડતો ઉનાળો. વસંત. હોળી એમાં જ આવે. ઘઉંનો પાક એ જ ગાળામાં આવે. એ સમય પ્રકૃતિના પ્રફુલ્લનનો છે. પ્રકૃતિ ખીલેલી દેખાય અને વાઢી લીધેલા ઘઉંનાં ખેતરો ઊલેલાં. ઉઘાડાં. લગનગાળો ખરો તો આવે વૈશાખમાં, પણ તેની તૈયારી આ સમયથી થવા માંડે. કોરોનાની ઘાતક મહામારીનો સમય પણ આ જ.

અનુભવ વ્યક્તિનો અને અભિવ્યક્તિ વસ્તુલક્ષી. આલેખન એવું કરવું પડે કે તે આત્મલક્ષી અનુભવોનું વસ્તુલક્ષી ચિત્રણ બને. પ્રવૃત્તિ, આંદોલન, જીવનપ્રસંગો આવે. એ થયો બાહ્ય અનુભવ. તેથી આલેખનમાં દેખીતો બાહ્ય સંઘર્ષ આવવાનો. સરકાર સામે. તેના પોલીસ સહિતના તંત્ર સામે. નવલકથામાં મુખ્ય પાત્રનો દૃષ્ટિકોણ હોય. તેના મનની વાત, મનોસંઘર્ષ આવે. મુખ્યત્વે તો એ આલેખનનો વિષય બને. ભય, ચિંતા, લઘુતાભાવ, ગ્રંથિઓ, પુરાણા સંસ્કારોઃ આ બધાં સામેનો, જાત સામેનો, જાત સાથેનો સંઘર્ષ આવે જ. અને તે આલેખ્ય બને. તેથી નવલકથામાં ખાસ તો આલેખ્ય છે, મુખ્ય યા કેન્દ્રીય પાત્રનું આંતરજીવન.

ખાસ તો એ બાબત કે પ્રાકૃતિક, સ્થળગત અને સામાજિક રાજકીય પરિવેશમાં વ્યક્તિનું જે જીવન ઊઘડે છે તે તો નિમિત્ત છે પણ કૃતિમાં જો માનવીય સૃષ્ટિ જીવંત બની હોય અને સમયના પટનું કંઈક ચિત્ર ઊપસ્યું હોય તો, લેખકને એટલું જ જોઈએ છે.

કૃતિમાં સ્થળકાળનો વ્યાપ પરિમિત હોવા છતાં તેનું આલેખન પ્રમાણમાં ઠીક ઠીક પૃષ્ઠો રોકે છે. પરંતુ એટલું તો ખાતરીબંધ કહું કે કથાના આલેખનને ફુલાવવાનો આશય તો નથી જ.

આપણા જાણીતા અને માનીતા સાહિત્યકાર મણિલાલ હ. પટેલની શુભેચ્છાઓ તો શરૂઆતથી જ મળેલી છે.

સાહિત્યક્ષેત્રના મિત્રો ડૉ. પી. એસ. પટેલ અને ડૉ. ઉત્પલ પટેલની સહાય થકી જ હું થોડોય લેખક થવાને પાત્ર બન્યો છું. એમાં વળી ઊભરતા નવલકથાકાર શ્રી હંસરાજભાઈ સાંખલાની મૈત્રી ભળી ને ગાઢ બની ગઈ. સાહિત્યસર્જનની સફરમાં શ્રી જયેશચંદ્ર શ્રીહરિની મૈત્રી પણ મળી. એ જ વાટે વાર્તાકાર ડૉ. કિશનસિંહ પરમાર, ડૉ. સતીશ પટેલ, ડૉ. દશરથ પટેલ, અરવિંદ ટાંક, અશોકપુરી ગોસ્વામી, દિનેશ પરમાર, નવનીત પટેલ, ડી. એન. પટેલ, શ્રીમતી વાસવદત્તા નાયક, મકબૂલ મસી (યુ.કે.), આબિદભાઈ ખણુંસિયા, નગજીભાઈ લીંબડ અને ડૉ. વનરાજ વાઘેલા જેવા સાહિત્યિક મિત્રોય આવી મળ્યા. જીવનમાં જ્યારે સારું થવા માંડે છે ત્યારે થતું જ જાય છે.

મારી કૃતિને નજર પડતાં જ હાથમાં લેવાનું મન થાય એવી રૂપાળી બનાવવામાં ખાસ જહેમત લેનાર ઝેન ઓપસ પ્રકાશનસંસ્થાનો હું તહેદિલથી આભારી છું.

કૃતિને લખી તો છે નવલકથા રૂપે જ. એમાં કેટલી કચાશ રહી છે, કેટલે અંશે એ નવલકથા બની છે તે તો અધિકારી વાચકો જ કહી શકે. છતાં સાહસ કર્યું જ છે, કૃતિને પ્રગટ કરવાનું. સાહસ જ ને?

**– પ્રાગજીભાઈ ભામ્ભી**

ભાણા (દૌહિત્ર) સ્મિતનું ઘર
ઈપસ્વિચ (યુ.કે.)
૨૧ જાન્યુ. ૨૦૨૬